તા. ૧૧/૪/૨૦૧૮

**વિષય :-** <u>રેરા રજીસ્ટર્ડ રીયલ એસ્ટેટ એજન્ટસ માટે અર્ધ વાર્ષિક અપડેશન રીટર્ન સંદર્ભે</u>

<u>જરૂરી સ્પષ્ટીકરણ નોંધ</u>

ગુજરેરા નાં તા. ૨૯/૧૨/૨૦૧૭ ના ઓર્ડર થકી દરેક રેરા રજીસ્ટર્ડ એજન્ટસ માટે રેરા રજીસ્ટ્રેશન બાદ દર ૬ મહિને ગુજરેરાના વેબ પોર્ટલ પર તેમની વિગતો અપડેટ કરવા (અર્ધ વાર્ષિક રીટર્ન સબમીટ કરવા) માટે ની સુચના આપેલ છે. જે માટે એજન્ટ(Individual) ના કિસ્સામાં અર્ધ વાર્ષિક રીટર્ન સબમિશન ફી રૂ.૨૦૦/- અને એજન્ટ(Firms) ના કિસ્સામાં અર્ધ વાર્ષિક રીટર્ન સબમિશન ફી રૂ.૧૦૦૦/- નિયત થઈ આવેલ છે. ગુજરેરા ઓથોરીટીના તા.૧૧/૦૪/૨૦૧૮ નાં ઓર્ડર(ઓર્ડર-૯) અનુસાર જે એજન્ટ (ઈન્ડીવિજ્યુઅલ / ફર્મ્સ) ને તેમનું પ્રથમ અર્ધ વાર્ષિક રીટર્ન તા.૦૭/૦૪/૨૦૧૮ ના રોજ સબમીટ કરવાનું હતું. તેમજ જે એજન્ટ (ઈન્ડીવિજ્યુઅલ / ફર્મ્સ) ને તા. ૦૭/૦૫/૨૦૧૮ ના રોજ પોતાનું પ્રથમ અર્ધ વાર્ષિક રીટર્ન સબમિટ કરવાનું છે તેવા તમામ એજન્ટે મોડામાં મોડી તા. ૦૭/૦૬/૨૦૧૮ સુધીમાં પોતાના અર્ધ વાર્ષિક રીટર્ન સબમિટ/અપડેટ કરવાના રહેશે. ત્યારબાદ સંબંધિત અર્ધ વાર્ષિક રીટર્ન નિયમાનુસાર નિયમિત પણે સબમીટ/અપડેટ કરવાના રહેશે.

<u>સુચના:-</u>

ઉપર મુજબનું સ્પષ્ટીકરણ માત્ર સમજૂતી માટે છે. વિશેષ માહિતી માટે ગુજરેરાના તા.૧૧/૪/૨૦૧૮ નો ઓર્ડર રીફર કરવા વિનંતી.